# XLR - MID TERM EXAM - 2014

Std. : XI-E(Sci)
Sem. : I

## વિષય : જીવ વિજ્ઞાન

Date : 04/08/2014
Marks : 40
8.15 am – 9.15 am

(1) કબૂતર અને હોલાઓનું કૂળ કયું છે ?
(a) કોલુમ્બીડી (b) રાનીડી (c) બ્લાટીડી (d) પોએસી

(2) સૌથી વધુ ભિન્નતા નીચે પૈકી શામાં જોવા મળે છે ?
(a) પ્રાણીસૃષ્ટિના સભ્યોમાં (b) સમુદાયના સભ્યોમાં (c) જાતિના સભ્યોમાં (d) પ્રજાતિના સભ્યોમાં

(3) મૃત્યુ સમયે .......... વિધાનની પૂર્તિ કરતો વિકલ્પ પસંદ કરો.
(a) એન્ટ્રોપી શૂન્ય હોય છે. (b) એન્ટ્રોપી ન્યુનત્તમ હોય છે. (c) એન્ટ્રોપી મહત્તમ હોય છે (d) એન્ટ્રોપી હોય જ નહી.

(4) નીચે પૈકી સજીવોમાં દૈહિક આયોજનનો કયો ક્રમ સાચો છે ?
(a) કોષ → અંગ → જાતિ → સજીવ (b) કોષ → પેશી → અંગતંત્ર → અંગ
(c) પેશી → કોષ → અંગ → અંગતંત્ર (d) કોષ → પેશી → અંગ → અંગતંત્ર

(5) પ્રજાતિ માટે કયો વિકલ્પ યોગ્ય નથી ?
(a) પ્રજાતિ શબ્દનો પુનઃ ઉપયોગ થતો નથી. (b) પ્રજાતિનો પ્રથમ અક્ષર કેપિટલમાં લખાય છે.
(c) સમાન પૂર્વજમાંથી ઉત્પન્ન થતી જાતિઓનો સમૂહ છે. (d) તેના સભ્યોના લક્ષણો વચ્ચે સામ્યતા વધુ હોય છે.

(6) અલ્પલોમી વર્ગમાં સમાવિષ્ટ સજીવ કયું ?
(a) વંદો (b) દેડકો (c) અળસિયું (d) મકાઈ

(7) વાક્યપૂર્તિ કરો : સજીવમાં અપચયક્રિયા વધુ હોય તો ..........
(a) મુક્ત ઊર્જા ઘટે (b) એન્ટ્રોપી ઘટે (c) એન્ટ્રોપી વધે (d) મુક્ત ઊર્જામાં ફેરફાર ન થાય

(8) કક્ષા નક્કી કરવા માટે કયો વિકલ્પ ધ્યાને લેવાય છે ?
(a) સજીવોની સમાનતા અને ભિન્નતા (b) સજીવોની બાહ્યરચના અને અંતઃસ્થ રચના
(c) સજીવોની જીવનશૈલી અને અનુકૂલન (d) ઉપરોક્ત ત્રણેય

(9) ફર્નરીમાં કઈ વનસ્પતિઓનો સંગ્રહ થાય છે ?
(a) હંસરાજ, સેલાજીનેલા (b) વિવિધ પ્રકારની એકકોષીય લીલ (c) વિવિધ પ્રકારની બહુકોષીય લીલ (d) મકાઈ, જુવાર, બાજરી

(10) નીચે પૈકી કયો વિકલ્પ ભારતમાં આવેલ નથી ?
(a) હર્બેરિયમ ઓફ ફોરેસ્ટ રિસર્ચ (b) સેન્ટ્રલ નેશનલ હર્બેરિયમ (c) હર્બેરિયમ ડીપાર્ટમેન્ટ ઓફ બોટની (d) મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી

(11) CZA નું પુરું નામ .......... છે.
(a) સેન્ટ્રલ ઝૂ એસોસિએશન (b) સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (c) કેપિટલ ઝૂ ઓથોરિટી (d) કેપિટલ ઝૂ એસોસિએશન

(12) વનસ્પતિ નમૂનાઓનો સંગ્રહ કરવા માટેનો ચોક્કસ ક્રમ કયો છે ?
(a) એકત્રીકરણ, દાબન, વિષાક્તન, શુષ્કન (b) એકત્રીકરણ, આરોપણ, દાબન, વિષાક્તન
(c) એકત્રીકરણ, દાબન, શુષ્કન, વિષાક્તન (d) એકત્રીકરણ, શુષ્કન, વિષાક્તન, દાબન

(13) કોલમ - I અને કોલમ - II માંથી સાચો વિકલ્પ પસંદ કરો.

| | કોલમ - I | | કોલમ - II |
|---|---|---|---|
| (A) | રોયલ બોટાનિકલ ગાર્ડન | (p) | શિબપુર |
| (B) | ન્યુયોર્ક બોટાનિકલ ગાર્ડન | (q) | ક્યૂ |
| (C) | ઈન્ડિયન બોટાનિકલ ગાર્ડન | (r) | યુ.એસ.એ |
| (D) | બોટાનિકલ ગાર્ડન | (s) | વઘઈ |

(a) (A–q) (B–r) (C–p) (D–s) (b) (A–s) (B–p) (C–r) (D–q) (c) (A–p) (B–q) (C–s) (D–r) (d) (A–s) (B–r) (C–q) (D–p)

(14) વિધાન X : વનસ્પતિ ઉદ્યાન એ સાર્વજનિક વિહારસ્થાન અને જાહેર બગીચા જેવું છે.
કારણ Y : વનસ્પતિ ઉદ્યાનમાં વનસ્પતિનું વૈજ્ઞાનિક નામ, ઓળખવિધિ, કુળ વગેરેનો ઉલ્લેખ હોય છે.
(a) વિધાન - X ખોટું અને કારણ - Y સાચું છે. (b) વિધાન - X સાચું અને કારણ Y ખોટું છે.
(c) વિધાન - X અને કારણ - Y બંને ખોટાં છે. (d) વિધાન - X અને કારણ - Y બંને સાચાં છે.

(15) મહાકાય વડ ક્યાં આવેલો છે ?
(a) ન્યુયોર્ક બોટાનિકલ ગાર્ડન, ન્યુયોર્ક (b) રોયલ બોટાનિકલ ગાર્ડન, બ્રિટન
(c) ઈન્ડિયન બોટાનિકલગાર્ડન, શિબપુર (d) નેશનલ બોટાનિકલ ગાર્ડન, લખનૌ

(16) ગુજરાતના પ્રાણી ઉદ્યાનોમાં સફારી પાર્ક ક્યાં આવેલ છે ?
(a) જૂનાગઢ (b) મુંબઈ (c) ગાંધીનગર (d) સાસણગીર

(17) લાઈકેનના ફળકાય કપ આકારના હોય તો તેને શું કહે છે ?
(a) ઈન્ડોથેસિયમ (b) એન્ડોથેલિયમ (c) પેરિથેસિયમ (d) એપોથેસિયમ

(18) પુષ્પને અનુલક્ષીને કયું વનસ્પતિ જૂથ અસંગત છે ?
(a) થેલોફાયટા (b) દ્વિઅંગી (c) ત્રિઅંગી (d) આવૃતબીજધારી

(19) કયા જીવનચક્રમાં બીજાણુજનક તબક્કો ફલિતાંડ પૂરતો જ મર્યાદિત છે ?
(a) એકવિધ જીવનચક્ર (b) દ્વિવિધ જીવનચક્ર (c) એક-દ્વિવિધ જીવનચક્ર (d) ઉપરોક્ત ત્રણેય

(20) કઈ શ્રેણીનો યુક્તદલા ઉપવર્ગમાં સમાવેશ થતો નથી ?
(a) બાયકાર્પેલીટી (b) કેલિસિફ્લોરી (c) સુપીરી (d) ઇન્ફીરી

(21) એક-દ્વિવિધ જીવનચક્ર = __X__ માં X માટેનો યોગ્ય વિકલ્પ કયો છે ?
(a) નેફ્રોલેપિસ (b) પાઈનસ (c) સાયકસ (d) પાર્મેલીયા

(22) નીચેની આકૃતિમાં 'x' શું દર્શાવે છે ?



(a) સુકાય
(b) પ્રાવર
(c) બીજાણુ
(d) ફળકાય

(23) કોના પુષ્પમાં સહાયક ચક્રો હોતાં નથી ?
(a) મોરપીંછ (b) મહુડો (c) સૂર્યમુખી (d) બારમાસી

(24) પૂર્વફલિત ભ્રૂણપોષ, એકવડું ફલન એ કોનું લક્ષણ છે ?
(a) પાઇનસ (b) ઇક્વીસેટમ (c) બ્રાયોપ્સિડા (d) સરગાસમ

(25) બાહ્યકકાલવિહિન પૃષ્ઠવંશી પ્રાણી કયું છે ?
(a) સાપ (b) કાગડો (c) કટલા (d) દેડકો

(26) શાર્કની ચામડી પર કયા પ્રકારના ભીંગડાં હોય છે ?
(a) ટીનોઈડ (b) સાયક્લોઈડ (c) પ્લેકોઈડ (d) ગેનોઈડ

(27) નીચેનામાંથી કઈ લાક્ષણિક્તા નુપૂરક સમુદાયમાં જોવા મળતી નથી ?
(a) ખંડતા (b) કૂટદેહકોષ્ઠ (c) વક્ષચેતારજ્જુ (d) બંધ પરિવહનતંત્ર

(28) ઈક્થિઓફિશ એ શું છે ?
(a) ઉપાંગોવિહીન ઉભયજીવી (b) સરિસૃપ (c) ગરોળી (d) માછલી

(29) સૌ પ્રથમ પેશીસ્તરીય આયોજન ધરાવતા પ્રાણી સમુદાય કયો છે ?
(a) પૃથુકૃમિ (b) નુપૂરક (c) કોષ્ઠાંત્રિ (d) પ્રજીવ

(30) હવાઈ જીવનને અનુકૂલિત સસ્તન પ્રાણી કયું છે ?
(a) બતકચાંચ (b) શાહમૃગ (c) પેંગ્વિન (d) ચામાચિડીયું

(31) શિરોરસ એટલે શું ?
(a) શીર્ષ + ઉદર (b) શીર્ષ + ઉરસ (c) ઉરસ + ઉદર (d) આપેલ બધા જ

(32) પ્રાણી શરીરની જટિલ રચનાની ચડતા ક્રમમાં ગોઠવણી માટે કયો વિકલ્પ સાચો છે ?
(a) ઓપેલિના-વાઉચેરિયા-લેમ્પ્રી-સમુદ્રઘોડો (b) ઓપેલિના-લેમ્પ્રી-વાઉચેરિયા-સમુદ્રઘોડો
(c) લેમ્પ્રી-ઓપેલિના-સમુદ્રઘોડો-વાઉચેરિયા (d) વાઉચેરિયા-ઓપેલિના-લેમ્પ્રી-સમુદ્રઘોડો

(33) ક્લેમિડોમોનાસ શું છે ?
(a) વાઇરસ (b) ફૂગ (c) લીલ (d) પ્રજીવ

(34) પ્લાસ્મિડ શું ધરાવે છે ?
(a) નાનું વલયાકાર DNA (b) નાનું રેખીય DNA (c) વલયાકાર DNA (d) રેખીય RNA

(35) કાર્બોદિતો ધરાવતાં લિપિડ અને પ્રોટીન બંનેનું સંશ્લેષણ કરતી અંગિકા કઈ છે ?
(a) લાયસોઝોમ (b) ગોલ્ગીકાય (c) રસધાની (d) હરિતકણ

(36) ફ્લુઈડ મોઝેઈક મોડેલમાં કોષરસસ્તર શું ધરાવે છે ?
(a) કેન્દ્રસ્થ પ્રોટીનનું દ્વિસ્તરીય પડ (b) ફોસ્ફોલિપિડનું દ્વિસ્તરીય પડ
(c) જલવિતરાગી અધ્રુવીય પૂંછડી (d) જલાનુરાગી ધ્રુવીય શીર્ષ

(37) DNA સાથે સંકળાયેલ પ્રોટીન કયું છે ?
(a) ફાઈબ્રીન (b) ગ્લોબ્યુલર (c) હિસ્ટોન (d) એક્ટિન

(38) તારાકેન્દ્રની નલિકામાં રહેલ પ્રોટીન, કઈ રચનામાં પણ જોવા મળે છે ?
(a) સૂક્ષ્મનલિકાઓ (b) મધ્યવર્તીતંતુઓ (c) સૂક્ષ્મતંતુઓ (d) લાયસોઝોમ

(39) પ્રોટીન સંચય કરતાં કણ ક્યાં છે ?
(a) સમિતાયા કણ (b) સ્ટાર્ચકણ (c) હરિતકણ (d) તૈલી કણ

(40) જીર્ણ કોષોના વિઘટન માટે જવાબદાર અંગિકા કઈ છે ?
(a) લાયસોઝોમ (b) કણાભસૂત્ર (c) ગોલ્ગીકાય (d) હરિતકણ

□□□